# ઉમાશંકર જોશીની કવિતામાં માનવસંદેશ

ડૉ. રાકેશ રાવત

**કાળને તે શુંકહીએ, જરીકે નવ ચૂકીયો**
**પાંચ આંગળીઓમાંથી અંગૂઠે વાઢ મૂકીયો**

ઉમાશંકર જોશીએ 'ગોષ્ઠિ'નામના સંગ્રહમાં'વાર્તાલાપ' અંગેના નિબંધમાં કહયું હતું કે છેલ્લો શબ્દ મૌનને બોલવાનો હોય છે. આજે ઉમાશંકરનું મૌન ઠેર-ઠેર બોલે છે, એ સહૃદય ભાવકો તરત જ સાંભળી શકશે. સદિલ મન્સુરીએ ગઝલના એક શેરમાંકહયુંહતું કે -

**સમય પણ સાંભળે છે બે ઘડી રોકાઇને 'આદિલ'**
**જગતના મંચ પરજયારે કવિનું મૌન બોલે છે.**

કવિના મૌનમાં હજારો ગ્રંથનો સાર હોય છે. કોઇ કવિની બે પંકિતઓ જીવનભરના અનુભવનો નિચોડ હોઇ શકે. આવા કવિના શબ્દોને અમરત્વ પ્રાપ્ત થાય છે. ક્ષરદેહે આપણી વચ્ચે નહી હોવા છતાં અક્ષરના અજવાળાથી તેઓ વધુ પ્રકાશિત કરતાં જ રહે છે. ઉમાશંકર જોશી આવા કવિ હતા. જો કે હતા આવું કશું કહી શકાય નહી કેમ કે આજે પણ એમની કો કવિતા વાંચતા એમનો ધબકાર અનુભવી શકીએ એટલી એમની કવિતા જીવંત છે. એમણે એમના સર્જનમાં પારસ મૂકયો છે, જે ભાવકને સ્પર્શતાં જ ભાવક પથ્થરમાંથી અમૂલ્ય ઇન્સાનબની જાય છસૌદર્ય, પ્રેમ, શ્રઘ્ધા, પ્રકૃતિ, પ્રભુ, આબધા શબ્દોથી કોને વ્હાલનહી હોય! જેને આબધા શબ્દોની આંગળી ઝાલીને ચાલે છે. અરે કવિતા હોય કે જીવન, એને આ શબ્દો સાથે નાતો બાંધવો જ પડે છે. તેથી ઉમાશંકરકહી શકે છે કે:

**"સૌંદર્યથી ઉરઝરણગારો પછી જ આપ મેળે"**

કવિ ઉમાશંકરના હ્રદયનું ઝરણું વહી નીકળે છે. ત્યારે તેઓ પ્રકૃતિના સાન્નિઘ્યમાં પહોંચી જાય છે. ભોમિયાવગર ડુંગર ભમવાની, ઝરણાંની આંખ લ્હાવાની તેમને ઇચ્છા થઇ આવે છે. પ્રકૃતિ સાથે પ્રેમ કરવો અને કવિતામાં શ્રઘ્ધામાં ક્ષળકોલી માનવસ્પર્શ કરાવવો એ એમનો સફર નિયમહતો. તેઓ શાંતિ માટે શિખર મંત્રણાઓ કરતાનહોતા, તેનો વિશ્વશાંતિ પલ્ટી નાખવાની વાત કરતા જ નહી તે તો કહેતા કે-

**વ્યકિતમટીને બનું વિશ્વમાનવી**
**માથે ઘરૂં ઘૂળ વસુન્ઘરાની.**

એમણે અઢળકકાવ્યો લખ્યા. પણ એની સંખ્યા એમની ગુણવતાને મારી શકી નહી. તેઓ જેમ જેમ શબ્દોને લખતાગયા તેમ તેમ શબ્દોને ચાહતાગયા. શબ્દોમાંશ્રઘ્ધાવઘુને વઘુ દૃઢ થતી ગઇ.'વિશ્વશાંતિ' લખ્યા પછી 'ગંગોત્રી'વહાવે. 'નિશીથ'નાસાન્નિઘ્યમાં'આતિથ્ય'માણે.પ્રાચીના ની ગોદમાં બેસીને વસંતવર્ષા નિહાળે. કવિતામાં એવું પ્રસ્થાનકરે કે એ 'મહાપ્રસ્થાન'તરીકે ઓળખાય. એમની 'અભિક્ષા''ઘારાવસ્ત્ર'સુઘી સિમિતનહોતી પણ એ છે કે 'સપ્તપદી'સુઘી પહોચી હતી. આ એમની કાવ્યાકાવ્યાયાત્રા છે.'માનવી પ્રકૃતિ સૌને વસુદેવ કુટુબકમ્'કહેનાર અને એનુંજીવનજીવનાર જ કહી શકે છે કે -

**વિશાળે જગતવિસ્તારે નથી જ એક જ માનવી**
**પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ.**

સૌનું અસ્તિત્વ સ્વીકારનાર કવિ જ હોઇ શકે. પંખીનાટહુકાને કાવ્યમાં લઇ આવવાની શકિત કવિ પાસે હોય. એ મૃદુલજડકાસાથે ગોષ્ઠિકરે ને મૌનના શિકારોમાંવર્ષોસુઘી મૂક બેસી રહે.

કવિતાનો શાશ્વત વિષય પ્રેમ છે, એમ ઉમાશંકરનો શાશ્વત વિષયપણ પ્રેમ જ છે. તેથી જ તેઓ પ્રેમની દુકાન ખોલીને બેઠા છે. પ્રેમનું રેશનીગ નહિ પણપણ વિના મૂલ્યે વિતરણકરવાની વૃતિ જ માણસને કદાચ કવિ બનાવે છે. કવિનીપાઠશાળા એ ભીતરની પાઠશાળા છે, પ્રકૃતિ એની કોલેજ છે, પ્રેમ એનામાટે

પી.એચ.ડી. નો વિષય છે. આ પ્રેમને જાણેલી માણેલી વસ્તુને સૌ સુધી પહોચાડવાતો ઉમાશંકર જોશી જેવો કવિ આતુર હોઇ શકે.

**પ્રભો ! આ પ્રેમની પૂંજી ઘરૂં છુંઆપને પદે**
**વ્હેંચ એ સર્વજીવોમાંવઘે તો અહીલાવજે**
**બઘોથી આકંઠ પ્રણયભુવનોને કહીશ હું**
**મળ્યો વર્ષો તેમાંઅમૃત લઇ આવ્યો અવનીનું**

એમનાં બે સોનેટ ગયાવર્ષો તેમાં , રહયાવર્ષો તેમાંસુપ્રસિઘ્ઘ છે. પૃથ્વી પરનાસમગ્ર ચાહતની જગ્યાઓને પ્રેમથી ભરી દીઘાપછી ઇશ્વર પાસે પહોંચી જવું અને કહેવું કે હું જેટલો જીવ્યો તેમાંમેં પ્રેમને જ ગટગટાવ્યો છે. ઉમાશંકર જોશી માટે સૌ ચીજ પ્રેમની અઘિકારીણી છે. પ્રેમમાં નિયમ છે (જો કે પ્રેમના પોતાના નિયમો તો હોતા જ નથી) હાથ પકડયા પછી જિંદગીભર સાથ નિભાવવાનો મિલન હોય કે જુદાઇ , એ નાતો નિભાવવો જ પડે. આવાતને ઉમાશંકર પોતાની આગવી શૈલીમાં કેવી સુંદર રીતે કહે છે!

**“બને તો કયારે કરવી ના, પણ જો પ્રીતિ કરવી**
**વિયોગે યાયોગે જીવતર ભરીએ જીરવવી”**

ઊમાશંકર જોશીનો જન્મ એકવીસમી જુલાઇઓગણીસો અગિયારમાં થયો ને મરણ પામ્યા ઓગણીસ ડિસેમ્બર ઓગણીસો ઇઠીયાસીમાં, એટલે કે લગભગ સિત્યોતેર વર્ષનું જીવન. જયારથી કવિતાસાથે નાતો બંઘાયો ત્યારથી લોહીથી લખ્યું છે, એટલે કે લોહીમા ંરણઝણતા શબ્દોને કવિતામાં મૂકયા છે. તેથી જ તેમના શબ્દો જ તેમને મન કવિતામાં ફૂલો છે. એ કલમમાંથી ફૂલો ઉગાડે છે અને કહે છે:

**“પુષ્પો સાથે વાતકરવાનો સમયરહયો નથી**
**પુષ્પો - મારી કવિતાનાતાજ-બ-તાજ શબ્દો”**

પુષ્પો અને શબ્દોમાં ભેદ પારખી શકીએ જનહી એ સ્થિતિ જ કાવ્ય નિર્માણની, અલૌકિક અનુભવની સ્થિતિ કહી શકાય. પોતાના કવિતાસર્જન માટે તેઓ કહે છે કે “પહેલા સહજભાવે જે સૂઝે તેને મનમાંરચી પોતાને પૂછી પૂછીને ઉતારી લઉ છું પછી” પોતાની સાક્ષીએ સર્જન કરવું એ કવિનો પહેલો ઘર્મ છે. આત્મલીન થઇને કવિતામાં પ્રવેશ કરવાની ક્ષણોમાં અનુભવ જ સ્વર્ગનો અનુભવ છે. ગર્ભવતી સ્ત્રીને જેવી રીતે ગર્ભમાં રહેલા બાળકનો અનુભવ થાય, એને રોમાંચ થાય એમ જ ઉમાશંકર પોતાની ગર્ભસ્થ કવિતાને માણે છે.-

**“ગર્ભમાંરહેલા બાળકની બીડેલી આંખો**
**માતાનાચહેરામાંટમકે**
**મારા અસ્તિત્વમાં એમ કાવ્યચમકતુંતમે જોયું છે?”**

ઉમાશંકર જોશી કુલપતિ પણથયા. ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરનું પદ સંભાળ્યું હોવા છતાં એમનાપગ હંમેશા કવિતાના કુંડાળમાં જ રહયા. વહીવટીય માથાકૂટ હોવા છતાંસર્જનથી વિમૂખ થયાનહી. એમને શુ ંકહીએ? કુલપતિ, કવિ, વાર્તાકાર , નવલકથાકાર, નિબંઘકાર, અનુવાદક, સંપાદક, વિવેચક, સંશોઘક, રેખાચિત્રકાર, કે પછી શાતિ પ્રવર્તક? એમની પ્રતિમા દરિયા જેવી હતી. અનેક ઝરણાંનો સંગમ બનીને પૂર્ણત્વપામી. ‘સાપનાભારા’ ,‘શહીદ’ જેવા એકાકી સંગ્રહો , ‘શ્રાવણી મેળો’,‘ત્રણઅર્ઘુ બે’,‘અંતરાય વિસામો’ જેવા વાર્તાસંગ્રહો, ‘પારકાજણ્યા’નામની નવલકથા‘હ્રદયમાંપડેલી છબીઓ’ નમાનાં રેખાચિત્રો , ‘ઉઘાડી બારી’ જેવા નિબંઘ સંગ્રહો તો ખરા જ પણસાથે સાથે ‘સમસંવેદન’ , ‘અભિરૂચિ’ , ‘ શૈલી અને સ્વરૂપ’ , ‘નિરીક્ષા’ , ‘કવિની સાઘના’ , ‘કવિની વાંચવાની કળા’ , ‘કવિની શ્રઘ્ઘા’ , ‘સમયરંગ’ , ‘શ્રી અને સૌરભ’ જેવા વિવેચનગ્રંથો પણ તેમણે લખ્યા . અખો-એક અઘ્યનનું સંશોઘનપણકર્યુ , અનુવાદો કર્યા. જીવનભર સાહિત્યના નભમાં વિહાર કર્યો ગાંઘી યુગીન મૂલ્યોની માવજતમાટે જાતને કસી. ટાગોરની કાવ્યભાવનાપામવા અને એને ઉપસાવવામથામણકરી. સુન્દરમ્‌ની સાથે રહીને શોષિત , દલિત , પીડીત સમાજની ચિંતાકરી એટલું જ નહી રચનાત્મક કાર્યો પણ કર્યા. એમનું‘જઠરાગ્નિ’સોનેટ ભણતાં અને ભણાવતાં જે પૂન્ય પ્રકોપ અનુભવાતો તે અકથ્ય છે. ‘ભૂખ્યાજનોનાજઠરાગ્નિ જાગશે ખંડેરની ભઅમકણી નહી લાઘશે’ એ પંકિતનો રોષજીવંત અને નાટ્યાત્મક લાગે છે. કે ‘નદી દોડે સોડે ભળભળ બળે હું ડુંગરવનો’ પંકિત આપણા રોમેરોમમાં લોહીને વહેતું કરી દે તેવી પંકિતઓ છે.

**રામજીકા રોટલા મોંઘા**
**લોહી માંસ આટલા સોંઘા? હું ગુલાબ?**
**સૃષ્ટિ બાગનું અમૂલ ફૂલ માનવી ગુલામ?**

સવી ગાંધીયુગીન કવિતાઓના અઢળક ઉદાહરણો આપી શકાય. ગીત, સોનેટ, પદ્ય નાટક, અદ્યાંદશ જેવા કાવ્યરૂપો એમને હસ્તગત હતાં. શમય ભલભલાને પછાળે છે એનો અનુભવ એક કવિતામાં ઉમાશંકરીય શૈલીમા સચોટ રીતે ઝીલાયો છે. આપણી માનવ તરીકેની લાચારી, કરૂણતા એમાંથી સ્ફૂટ થયા વગર રહેતી નથી.

**કાળને તે કહીએ શું? જીરીકે નવ ચૂકીયો**
**પાંચ આંગળીઓમાંથી અંગૂઠે વાઢ મૂકીયો**

આ કાવ્યમાં એકલવ્યનો પડઘો જણાય છે. શું આપણે સૌ આજીવનમાં એકલવ્ય જેવા નથી? સ્વજનો જ આપણને સૌથી વધુ પીડે છે. એ વાતપણ સાર્વજનિક છે. એવા સાર્વજનિકસત્યને ઉમાશંકર જોશીને આ રીતે વ્યકતકર્યું છે.

**'ગળે વીટળ્યા જે કર,અરર! તેના જ નખથી વલૂરાયાં હૈયા,**
**ભર્યું હુંઆયુષ્યે?'**

ઉમાશંકર જોશી ઇશ્વરપાસે માત્ર હૈયું, મસ્તકને હાથની જ માંગણી કરે છે. આ ત્રણ હોય તો બીજું કશું પામવાનું હોતું નથી. માનવીની મઘૂસ આ ત્રણમાં જ સમાઇ જાય છે. માનવી સંવેદનશીલ હોય, વિચારશીલ હોય અને કર્મશીલ હો તો બીજા કશાની જરૂર નથી. આજે ઉમાશંકર જોશી આ સાન્નિધ્યમાં હૈયું ખુલી ગયું છે. કેટલીક ક્ષણો જ આપવી હોય છે જેમાં હૈયું ખુલી ગયું છે, ખીલે છે- કદાચ એ કવિતાની જ ક્ષણો હોય છે!

**કોનાસાન્નિધ્યમાં હૈયું એવું તે ખૂલી જાય છે**
**જેવું એકાંતમાં ખૂલે પોતાની પણ પાસના**

કવિતાના ભોમિયા બન્યા પછી જિંદગીના રસ્તાઓ નકશો આપણા ખિસ્સામાં આવીને પડે છે. શબ્દોના તેજથી પછી પંથ બધા પ્રકાશિત થાય છે. આવાં, આ પ્રકાશિત પંથોમાં આપણે પણ એક દીવો પ્રગટાવીએ.

## સંદર્ભ સૂચિ

૧. કૃતિ – નિશીથ, વિશ્વશાંતિ, ગંગોત્રી, નિશીથ, મહાપ્રસ્થાન, અભિજ્ઞા , સાતપદ, ધારાવસ્ત્ર, સમગ્ર કવિતા...